## નેતાઓની બેફામ બયાનબાજી...

# બેજવાબદારીભર્યો વાણીવિલાસ ક્યાં સુધી સહન કરીશું...?

**બન્ને મોટા પક્ષના નેતાઓ-આગેવાનો સાંપ્રત ઘટના પર એવા બેફામ અને બેજવાબદારીભર્યા નિવેદન કરે છે કે આમ જનતા તેમની બુદ્ધિક્ષમતા પર શંકા કરે છે**

ગાંધીનગર, તા. ૨

છેલ્લા કેટલાય દિવસોથી રાષ્ટ્રીય કક્ષાના અને સ્થાનિક કક્ષાના રાજકીય આગેવાનો-નેતાઓમાં બયાનબાજીની મોસમ ખીલી છે. વળી આ નિવેદનો તર્ક સાથેના અને જવાબદારીભર્યા તો બરાબર છે પરંતુ નેતાઓ જે પ્રકારે બેફામ વાણીવિલાસ કરી રહ્યા છે તે લોકશાહીને શોભે તેવુ જરાય નથી.

ત્રિપુરામાં નવા સવા મુખ્ય પ્રધાન દરરોજ તેમના અવનવા

**સમયસર**

અને કોઈ પણ જાતના તર્ક વિનાના નિવેદનો કરતા રહે છે. હજી તો સત્તા મળે થોડાક જ દિવસો થયા છે ત્યાં તો તેમના આવા નિવેદનોથી પક્ષની છબી ખરડાઈ છે. દેશભરમાં વધી રહેલા બળાત્કારના બનાવો માટે માતા-પિતા દોષિત હોવાનુ નિવેદન કરી ઉત્તરપ્રદેશના એક ધારાસભ્યે તો હદ કરી નાંખી હતી. આવા તો કંઈ કેટલાય બેફામ નિવેદનો અને આક્ષેપબાજી દરરોજ થઈ રહી છે. સામાન્ય નાગરિકો હવે ચિંતામાં છે કે તેમણે કેવા લોકોને પોતાની નેતાગીરી સોંપી છે.

આપણા દેશમાં વાણી સ્વાતંત્ર્યને મૂળભૂત અધિકાર ગણાવાયો છે એટલે તેનો મતલબ એમ નથી કે નેતાઓ-આગેવાનોને ગમે ત્યારે ગમે તેવુ નિવેદન કરવાની છૂટ મળી જાય. આપણે ત્યાં લોકશાહી છે. ચૂંટાયેલા નેતાઓ-ધારાસભ્યો દેશનું-પ્રાંતનું પ્રતિનિધિત્વ કરે છે. આપણા નેતાઓએ ભલે ઉચ્ચ અભ્યાસ ન કર્યો હોય પરંતુ તેઓ ખેડૂતો, ગ્રામિણો, મહિલાઓ, યુવાનોનું પ્રતિનિધિત્વ કરે છે. તેમની પાસેથી એટલી અપેક્ષા તો ચોક્કસ રાખી જ શકાય કે તેઓ જે કંઈ પણ જાહેર નિવેદન કરશે તે પ્રજાહિતમાં કરશે અને ખૂબ જ સમજી વિચારીને કરશે. તેના બદલે ઉચ્ચ અભ્યાસ કરેલા નેતાઓ-આગેવાનો પણ એવા માયા મેળ વિનાના નિવેદનો કરે છે કે સમગ્ર દેશમાં વિવાદ ફેલાઈ જાય છે. ગમે તેવુ ગમે ત્યારે બાફી મારવુ આ નેતાઓ-આગેવાનો માટે જાણે ફેશન બની ગઈ હોય તેવુ લાગે છે. નિવેદનો અને આક્ષેપબાજીના કારણે દેશની મૂળ સમસ્યાઓ જાણે સાઈડલાઈન થઈ ગઈ છે. નિવેદનો-આક્ષેપબાજી કરી આવા અજ્ઞાની આગેવાનો સમગ્ર દેશમાં અજંપો અને નફરતની ભાવના ફેલાવી રહ્યા છે. નેતાઓનુ કામ હોય છે દેશમાં એકતા વધારવાનુ અને સાથે જ દેશના વિકાસમાં સહયોગ આપવાનો પરંતુ આગેવાનો-નેતાઓની આવી બેફામ બયાનબાજી લોકશાહી પર પ્રશ્નાર્થ ઉભા કરે છે. આપણે કેવા લોકોને આપણુ નેતૃત્વ સોંપ્યુ છે..? જેમની વિચારશક્તિ જ નથી તેઓ આપણા ભવિષ્ય માટેની નીતિઓ ઘડી રહ્યા છે. નેતાઓ-આગેવાનો ગમે ત્યાં ગમે તેવુ નિવેદન આપીને આપણને લજવી રહ્યા છે. આવા બેઢંગા, બેજવાબદાર નેતાઓ-આગેવાનો માટે ઓરીએન્ટેશનના વર્કશોપ યોજવા જોઈએ... નેતાઓને સમજાવો કે ગમે તેવુ નિવેદન કરી દેવાથી નેતાગીરી નથી થતી. લોકોના હૃદય સમ્રાટ નેતા બનવા માટે લોકો માટે સાચા હૃદયથી કામ કરવુ પડે છે. નાગરિકોના કામ કર્યા હશે તો બોલ્યા વિના પણ લોકો તેમને જ વોટ આપશે. નહી તો જનતાને આવા નેતાઓને ઘરે બેસાડતાં પણ ખૂબ સારી રીતે આવડે છે.



વૃક્ષની મહત્તા - પાર્કીંગ માટે છાંયડો શોધવાનું વધારે ગમે છે... પણ એ છાંયડા માટે વૃક્ષ વાવવાનું કોઈને યાદ રહેતું નથી... આ જ કમનસીબી છે... માનવજાતની કરૂણતા કેવી છે... વૃક્ષ કાપી કાગળ બનાવે, અને કાગળમાં લખે.. 'વૃક્ષ વાવો - પર્યાવરણ બચાવો'... બતાવવાના અને ચાવવાના જુદા... આ કહેવત અહીં સાર્થક લેખાતી હોય એમ લાગે છે... બસ આવનારા દિવસોમાં પ્રદૂષણ વધી રહ્યું છે તેવા શરમજનક સમાચારો ચારે કોર છે ત્યારે બચવાનો અને બચાવવાનો એક માત્ર ઉપાય છે - પહેલા વરસાદે પહેલું વૃક્ષ મારૂ હશે...

# ચિંતન શિબિરના આયોજન અંગે કવાયતો આરંભાઈ

**ચિંતન શિબિરના સ્થળ, સમય અને વિષયો સહિતના મુદ્દાઓને લઈ સરકાર તેમજ તંત્ર પણ અવઢવમાં**

ગાંધીનગર, તા. ૨

આ માસ દરમ્યાન જ રાજય સરકાર દ્વારા રાજયના તમામ અધિકારીઓની ચિંતન શિબિર યોજાશે.

ચિંતન શિબિરનું સ્થળ અને સમય નક્કી થયા નથી પરંતુ બે દિવસની આ ચિંતન શિબિરના આયોજનને લઈ પ્રાથમિક કવાયતો અને તૈયારીઓ આરંભી દેવામાં આવી છે.

દેશના વડાપ્રધાન અને તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી અધિકારીઓ સાથે આ પ્રકારે બેઠક યોજતા હતા. નવમી આ ચિંતન શિબિરમાં ગતિશીલ અને કાર્યશીલ સરકારનો એજન્ડા તૈયાર કરવાની કવાયત મહત્વની રહેશે તેમ સરકાર સાથે સંકળાયેલા સૂત્રોએ જણાવ્યુ છે.

આ નવમી ચિંતન શિબિરનું આયોજન અત્યારે એટલા માટે કરવામાં આવ્યું છે કે ૨૦૧૯ એ ચૂંટણીનું વર્ષ છે એટલુ જ નહિ પરંતુ જાન્યુઆરી માસમાં વાયબ્રન્ટ સમીટનું આયોજન વિચારવામાં આવ્યુ હોવાથી તંત્ર તેની તૈયારી પર પણ ધ્યાન આપી શકે એ જરૂરી છે તેથી આ સમયની પસંદગી કરવામાં આવી હોવાની વાતો સચિવાલયના સૂત્રોમાંથી સાંભળવા મળી છે.

આ નવમી ચિંતન શિબિર એક દિવસની કે બે દિવસની યોજવાને લઈ પણ અવઢવ છે. જો કે ચાલુ માસના છેલ્લા સપ્તાહમાં યોજાય તેવી શક્યતાઓ વિશેષ છે.

૩૧મી મે સુધી રાજયમાં ચાલનાર જળસંચય અભિયાનને લઈ હવે ચોમાસા દરમ્યાન જ આ ચિંતન શિબિર યોજાય તેવી શક્યતાના સંકેત પણ સચિવાલયના અધિકારીઓ જ આપી રહ્યા છે.

# ગેરકાયદેસર પાણીના જોડાણ બંધ કરી દંડ વસુલી કરવામાં આવશે

**શહેરમાં રહેણાંક તેમજ કોર્મશિયલ હેતુ માટે ગેરકાયદેસર જોડાણ આધારે પાણી મેળવાતુ હશે તેવા કિસ્સામાં તંત્ર કડક કાર્યવાહી હાથ ધરશે**

ગાંધીનગર તા ૨

ગાંધીનગર શહેરી વિસ્તારમાં રહેણાંક તેમજ વાણિજય હેતુ માટે પાણીનુ ગેરકાયદેસર જોડાણ લીધુ હોય તેવા કિસ્સામાં તંત્ર દ્વારા દંડનાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. આકરી ગરમીના દિવસોમાં પાણીનો ઉપયોગ વધ્યો છે. ત્યારે પાણીનો બગાડ પણ શહેરમાં વિશેષ થતો હોવાનુ ધ્યાને આવ્યુ છે. આવા સંજોગોમાં પાણીના જોડાણ પણ ગેરકાયદેસર રીતે મેળવી પાણીનો વેડફાટ થતો હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. ત્યારે તંત્ર દ્વારા આ મામલે કડક પગલા લેવાનુ નક્કી કરવામાં આવ્યુ છે.

શહેરમાં આડા દિવસોની સાપેક્ષમાં ગરમીના દિવસોમાં પાણીનો વપરાશ વધી જાય છે. જયારે ગરમીના દિવસોની સરખામણીએ પ્રતિદિન ૫ એમ એલ ડી પાણી વધુ વપરાતુ હોવાનો પણ અંદાજ છે.

● અનુસંધાન પાન-૭ પર

## આજે મુખ્યમંત્રી રૂપાણી શેરથાની મુલાકાતે જશે



ગાંધીનગર, તા. ૨

રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી આજે જિલ્લામાં સુજલામ સુફલામ જળસંચય અભિયાનની ચાલી રહેલી કામગીરી જોવા શેરથા જશે.

શેરથા ખાતે એન.જી.ઓ. દ્વારા તળાવ ખોદવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. તેઓ તેમની આ મુલાકાત દરમ્યાન ગ્રામજનો સાથે પણ સીધી વાતચીત કરનાર છે.

જિલ્લાતંત્ર દ્વારા આ અંગે તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. જિલ્લામાં ૧૮૦ જેટલા તળાવ ઊંડા કરવામાં આવનાર છે. આ ઉપરાંત ખારી નદી અને સંત સરોવરની આસપાસના વિસ્તારમાં સફાઈની કામગીરી હાથ ધરવામાં આવેલ છે જે ઉલ્લેખનીય છે.

# રૂપાલ ખાતે પમીએ આજીવિકા દિવસની ઉજવણીનું આયોજન

ગાંધીનગર, તા. ૨

ગ્રામસ્વરાજ અભિયાન અંતર્ગત પાંચમી મે ના રોજ રૂપાલ ખાતે આજીવિકા દિવસની ઉજવણી કરવામાં આવશે.

રૂપાલ ખાતે યોજાનાર આ કાર્યક્રમને લઈ બેંકો અને તંત્ર દ્વારા તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. જેમાં રૂપાલ ખાતેના દેનાબેંકના તાલિમ કેન્દ્રમાં તાલિમ પામેલા ૧૮ જેટલા યુવકોને પ્રમાણપત્ર આપવામાં આવનાર છે.

સ્વસહાય જૂથોને ૫૦ લાખથી વધુની કેશક્રેડીટના હુકમો પણ આ સમારોહમાં આપવા ઉપરાંત ૨૪ લાખ જેટલી રકમ આવા સ્વસહાય જૂથોને રિવોલ્વીંગ ફંડ તરીકે પણ આપવામાં આવનાર છે.

જિલ્લાની બેન્કો દ્વારા નેશનલ રૂરલ લાઈવલીહુડ મિશન યોજના હેઠળ કાર્યરત સખીમંડળોને કેશક્રેડીટ લિંકેજ, માર્કેટીંગ લિંકેજ, તેઓ દ્વારા ઉત્પાદિત ચીજવસ્તુઓનું પ્રદર્શન-મેળો, સાફલ્યગાથાઓ તથા અનુભવોની આપ-લે માટે કાર્યશાળાનું આયોજન તેમજ રોડમોડલ મહિલાઓનું સન્માન કરવામાં આવશે. તદુપરાંત ડીડીયુ-જીકેવાય તથા આરસેટી દ્વારા તાલીમ મેળવેલ તાલીમાર્થીઓને પ્રમાણપત્ર વિતરણ, ગ્રામ સંગઠનનો સીઆઈએફ ચેકનું વિતરણ, સ્વસહાય જૂથને રીવોલ્વીંગ ફંડના ચેકનું વિતરણ, બેન્ક ધિરાણના કેમ્પનું આયોજન, બેસ્ટ પ્રેક્ટિસ કરતાં સ્વસહાય જૂથ તથા કલસ્ટર રીસોર્સ પર્સન (સીઆરપી)નું સન્માન વગેરે જેવી વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓ ગ્રામવિકાસ વિભાગ, ગાંધીનગર દ્વારા કરવામાં આવશે.

# પીંડારડામાં ૬૮૦ હેકટરમાં ૧૪૯ પ્રકારના વિવિધ રોપાઓની વાવણી કરાશે

**જળસંચય યોજના અન્વયે માટીપાળા તેમજ જળકુંડ બનાવાશે**

ગાંધીનગર તા ૨

ગાંધીનગર તાલુકાના પીંડારડા ગામમાં વન વિભાગ દ્વારા જળસંચય યોજના અન્વયે ૬૮૦ હેકટર જગ્યામાં ૨૫ માટીપાળા તેમજ ૫૦ જલકુંડ બનાવાશે.જયારે આ જગ્યામાં વનતંત્ર દ્વારા રાજયના જુદા જુદા પ્રદેશના ૧૪૯ જાતના ૨૦ હજાર રોપાઓની વાવણી કરવામાં આવશે. ગાંધીનગર જિલ્લામાં પ્રથમવાર આ પ્રકારના વિવિધ રોપાઓની વાવણીનો પ્રયોગ કરવામાં આવી રહયો છે.

આગામી ચોમાસાને ધ્યાને લઈ વનતંત્ર દ્વારા એડવાન્સ વાવેતર કરી દેવાયુ છે. જયારે ચોમાસા દરમિયાન શહેરી વિસ્તારમાં પણ અનેકવિધ રોપાઓની વાવણી કરવામાં

● અનુસંધાન પાન-૭ પર

## કુલ મુખત્યારનામું રદ કર્યા અંગેની જાહેર નોટીસ

આથી અમો નીચે સહી કરનાર એડવોકેટ નરેન્દ્ર એસ. ટહેલરામાણી, જાહેર જનતાને, આ જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે, રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ ગાંધીનગરના સબડીસ્ટ્રીક્ટ અને તાલુકા ગાંધીનગરના ગામ મોજે ગાંધીનગર ટાઉનશીપમાં આવેલ જી.આઈ.ડી.સી. ઈલેક્ટ્રોનીક્સ એસ્ટેટ સેક્ટર – ૨૫ ના પ્લોટ નં. સી-૧૪ ની ૯૪૮૫.૨૨ ચો.મી. વાણિજ્ય હેતુની ભાડાપટ્ટાના હક્કોવાળી બીનખેતીની જમીન એ રીતની જમીન ઉપર મુકવામાં આવેલ "ગોલ્ડન આર્કેટ" નામની સ્કીમવાળી મિલકત મેર્સસ અક્ષર એન્જીનીયરીંગ (ઈલેક્ટ્રોનીક) એ નામની ભાગીદારી પેઢીની માલીકી, કબજા ભોગવટાની આવેલી છે. સદરહુ ભાગીદારી પેઢીમાં અમારા અસીલ પૂજન જુગલકિશોર નાગર, રહે. એચ-૫૦૧, ઈન્દ્રપ્રસ્થ-૫, સુરધારા બંગ્લો પાસે, પ્રહલાદનગર, અમદાવાદ નાઓ પણ ભાગીદાર છે. સદરહુ જમીન ઉપર ગોલ્ડન આર્કેટ નામની સ્કીમ બનાવી તેમાં વાણિજ્યના હેતુઓ વાળા યુનીટો બનાવવાના હતા જે અંગે તમામ ભાગીદારોએ એક પાવર ઓફ એટર્ની સદરહુ ભાગીદારી પેઢીને વહીવટ માટે મનસુખભાઈ ખોડાભાઈ વઘાસીયા નાઓને તા. ૧૧-૦૯-૨૦૧૫ ના રોજ આપેલ હતી જે પાવર ઓફ એટર્ની ચેતન એન. આર્ચાય પબ્લીક નોટરી સમક્ષ સીરીયલ નં. ૬-એન-૨૦૧૫ થી તા. ૧૧-૦૯-૨૦૧૫ ના રોજ નોંધાયેલ છે હાલમાં ભાગીદારો વચ્ચે સદરહુ ભાગીદારીના વહીવટ અંગે તકરારો ચાલી રહેલ છે અને અમારા અસીલ પુજન જુગલકિશોર નાગર નાઓએ લખી આપેલ કુલ મુખત્યારનામાની જરૂરીયાત રહેલ ન હોઈ, મજકુર કુલ મુખત્યારનામું કે તે પ્રકારના લખાણો અમારા અસીલોએ રદ કરેલ છે તથા તે અંગેની મૌખિક જાણ તેમજ લેખીત નોટીસ મનસુખભાઈ ખોડાભાઈ વઘાસીયાને આપવામાં આવેલ છે અને તે અંગેની લેખીત જાણ બાકીના તમામ ભાગીદારોને કરવામાં આવેલ છે આમ, મનસુખભાઈ ખોડાભાઈ વઘાસીયાને અમારા અસીલના કુલ મુખત્યાર તરીકેથી દુર કરવામાં આવેલ છે, ફારેગ કરવામાં આવેલ છે. સદરહુ ગોલ્ડન આર્કેટ નામની સ્કીમ તેમજ મજકુર જમીન બાબતે, મનસુખભાઈ ખોડાભાઈ વઘાસીયા દ્વારા કોઈપણ પ્રકારની કાર્યવાહી, કામકાજો, નાણાંકીય - બીનનાણાંકીય વ્યવહારો, લખાણો વગેરે કર્યા બાબતની કોઈ જાણ અમોને કરેલ નથી, તથા હવે પછી તેમ કરવાનો તેમનો કોઈ અધિકાર રહેલો નથી. આમ છતાં મજકુર મિલક્ત અંગે કોઈપણ પ્રકારની કામગીરી વહિવટ, નાણાંકિય/ બીનનાણાંકિય વ્યવહાર કરેલા જાણવામાં આવશે, તો તે અંગે અમારા અસીલોની કોઈપણ પ્રકારની જવાબદારી રહેશે નહી, ગણાશે નહી, તેની સૌએ નોંધ લેવી.

મારી મારફતે
નરેન્દ્ર એસ. ટહેલરામાણી
સંગીતા રસ્તોગી
દિવ્યા આર. રાવલ,
રોનક જી. પરમાર (એડવોકેટસ)
બી/૭૦૮, ગણેશ પ્લાઝા, નવરંગપુરા, અમદાવાદ.
મોબાઈલ નં.૯૮૨૫૦ ૨૯૦૩૦ ● ઓફીસ નં.૦૭૯ ૨૬૫૬૦૨૪૫.

# ટોરેન્ટના ફયૂઅલ ચાર્જમાં ૨૨ પૈસાનો વધારો ઝીંકાયો

**વીજળીના ગ્રાહકોને ઉનાળામાં હવે વધુ તાપ લાગશે**

ગાંધીનગર,તા.૨

ગાંધીનગર અને અમદાવાદના વીજળીના ગ્રાહકોને ઉનાળામાં હવે વધુ તાપ લાગશે, કેમ કે ટોરેન્ટ પાવર લિમીટેડ દ્વારા ફ્યૂઅલ ચાર્જમાં યુનિટ દીઠ ૨૨ પૈસાનો વધારો કરવામાં આવ્યો છે. ટોરેન્ટ પાવરે એફપીપીપીએમાં વધારો કરવા માટે જર્ક સમક્ષ કરેલી રજૂઆતને ધ્યાનમાં લઈને જર્કે તેને મંજૂર કર્યો છે. ટોરેન્ટ પાવર દ્વારા કરવામાં આવેલા ફ્યૂઅલ ચાર્જમાં વધારાને કારણે ૨૦૦ યુનિટ વાપરતા ગ્રાહકોના બીલમાં રૂપિયા ૬૦-૬૫નો બોજો પડશે. હાલ વીજદર યુનિટ દીઠ રૂપિયા ૧.૫૪ છે, તેમાં ૨૨ પૈસાના વધારા સાથે હવે યુનિટ દીઠ રૂપિયા ૧.૭૬ થશે. નવા વીજ બિલમાં આ ભાવ વધારો અમલી બનશે. હાલ ૨૦૦ યુનિટ દીઠ રૂપિયા ૩.૯૦નો રેટ અમલી છે, નવા દર વધારા તેમજ ટેક્સ સાથે અન્ય વધારાને ધ્યાનમાં લેતાં યુનિટ દીઠ અંદાજે રૂપિયા ૪.૨૫ થશે. વીજ દરમાં વધારો એપ્રિલ, ૨૦૧૮થી અમલી બનશે.

આમ એપ્રિલ પછીનું વીજબિલ નવા ભાવની ગણતરી સાથેનું આવશે. જો વીજ ગ્રાહક ૨૦૦ યુનિટના વીજ વપરાશ માટે રૂપિયા ૪૦૦નું વીજબિલ આવતું હોય તો તેના બિલમાં અંદાજે રૂપિયા ૬૦ના વધારા સાથે રૂપિયા ૪૬૦નું બિલ આવશે.

# જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં હાઉસ ટુ હાઉસ સર્વેલન્સની ૫૦ ટકા કામગીરી સંપન્ન

**ત્રણ દિવસમાં એક હજાર તાવના કેસ મળી આવ્યા : પાંચ હજાર જેટલા સ્થાનો પરથી મચ્છરોના બ્રીડીંગ મળ્યા**

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લામાં વાહકજન્ય રોગચાળાને નિયંત્રિત કરવાના ભાગરૂપે બીજા તબક્કાના હાથ ધરાયેલ હાઉસ ટુ હાઉસ સર્વેલન્સમાં ૫૦ ટકા જેટલી કામગીરી આજે પૂર્ણ થવા પામી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં હાથ ધરાયેલ હાઉસ ટુ હાઉસ સર્વેલન્સની ચાલી રહેલી કામગીરીના ક્રોસ ચેકિંગ માટે આજે જિલ્લાના મુખ્ય આરોગ્ય અધિકારી ડૉ. સોલંકીએ દહેગામ તાલુકાના સાંપા અને સાણોદા આરોગ્ય કેન્દ્રની મુલાકાત લીધી હતી તેમજ તેમણે આ કામગીરી કરતા કર્મચારીઓની કામગીરીને સીધી ચકાસી હતી.

ડૉ. સોલંકી સાથે ક્રોસ ચેકિંગમાં દહેગામના તાલુકા આરોગ્ય અધિકારી પણ જોડાયા હતા. તેમણે આગામી બે દિવસમાં હજુ પણ વધુ કેન્દ્રોની મુલાકાત લેશે તેવા સંકેતો આપ્યા હતા.

જિલ્લા મેલેરિયા તંત્રના સૂત્રોના જણાવ્યા પ્રમાણે આજે સર્વેલન્સમાં ૧,૫૦,૮૫૨ વ્યક્તીઓને અને ૨૯૫૨૪ ઘરોને આવરી લેવામાં આવ્યા હતા.

આજે સર્વેલન્સ દરમ્યાન ૨૬૯ તાવના દર્દી મળી આવ્યા હતા અને ૯૯૭ સ્થાનો પરથી મચ્છરોના બ્રીડીંગ મળ્યા હતા



તંત્રના સૂત્રોના જણાવ્યાનુસાર તાવના મળેલા કેસના દર્દીઓના લોહીના નમૂના મેળવી ચકાસણી માટે મોકલવામાં આવ્યા છે. જ્યારે મળેલા પોરાનો પોરાનાશક કામગીરી કરી નાશ કરવામાં આવ્યો છે.

ત્રણ દિવસ દરમ્યાન ૬.૫૦ લાખ લોકોને સર્વેલન્સમાં આવરી લેવાયા છે અને આ ત્રણ દિવસ દરમ્યાન ૫૦૦૦ જેટલા સ્થાનો પર પોરાનાશક કામગીરી કરવામાં આવી છે. ત્રણ દિવસમાં એક હજારથી વધુ તાવના દર્દી શોધાયા છે.


ગાંધીનગર માટે LED TV, LCD TV રીપેરીંગ માટે ફોન કરો સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ મો. ૯૭૧૪૧ ૯૮૩૬૬

ટચુકડી જાહેર ખબર દર રવિવારે ગાંધીનગર સમાચાર ફોન : ૨૩૨૨૨૫૭૧

ROOPKALA The silver shop માત્ર ચાંદીનો શો-રૂમ 199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225 તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

www.capitaloffset.in કેપિટલ ઓફસેટ ® AN ISO 9001:2008 Certified Company મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯ મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮, E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા BRIDGESTONE CEAT તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર. ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ... SANGHI CEMENT Turning Dreams into Concrete Reality Kisan ashirvad BENELAVE DR.FIXIT TATA STEEL • PIPES • SHEETS ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર. ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬ સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com